# બાકીરૂલ ઉલૂમ

(વિષય: ઈમામ મોહમ્મદ બાકીર(અ.)નું જીવન ચરિત્ર)

## ગુજરાતી અનુવાદ: બંદે ખુદા

**: E-PUBLISHER :**

**www.hadilibrary.org**

વાંચકો માટે ખાસ નોંધ : (૦૬.૦૧.૨૦૧૫)

આ કિતાબ મૂળ ઉર્દુ કિતાબ 'રેહબરાને મઅસૂમીન'માંથી પાંચમા ઈમામ (અ.)ના જીવનચરિત્રનો ગુજરાતી અનુવાદ છે, જે 'બાકીરૂલ ઉલૂમ' નામે રજૂ કરવામાં આવેલ છે.

# હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અલય્હિસ્સલામ)

| | |
|---|---|
| નામ | મોહમ્મદ |
| કુન્નિયત | અબુ જઅફર |
| લકબ | બાકેરૂલ ઉલુમ |
| પિતા | હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અલય્હિસ્સલામ) |
| માતા | ઉમ્મે અબ્દુલ્લાહ, હઝરત ઈમામ હસન (અ.સ.)ના દીકરી |
| વિલાદત | ૧, રજબ હિજરી સન ૫૭ જુમ્આના દીવસે |
| વિલાદતનું સ્થળ | મદીનાએ મુનવ્વરા |
| શહાદત | ૭ ઝિલ્હજ હિજરી સન ૧૧૪ |
| કબ્ર મુબારક | જન્નતુલ બકીઅ, મદીનાએ મુનવ્વરા |

# હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અલય્હિસ્સલામ)

હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)નો વંશ માતા પિતા તરફથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.), હઝરત અલી (અ.સ.) અને જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)થી મળે છે. કારણ કે આપના પિતા હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.) હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના દીકરા અને આપની માતા ઉમ્મે અબ્દુલ્લાહ હઝરત ઈમામ હસન (અ.સ.)ના સાહેબઝાદી હતા.

દરેકની ઝબાન પર હઝરતની બુઝુર્ગી અને અઝમતની ચર્ચા હતી અને જયારે હાશમી, અલવી અને ફાતેમી ખાનદાનની શરાફત અને બલંદ અખ્લાકની વાત થતી તો લોકો એક આપને જ તે ખાનદાનોના વારિસ તરીકે સ્વિકારતા હતા. અને આપને હાશમી, અલવી અને ફાતેમીના લકબોથી યાદ કરતા હતા. બોલવામાં સચ્ચાઈ, ચહેરાનું આકર્ષણ અને સખાવત આપની ખાસિયતોમાંથી હતા.

## ઈમામ (અ.સ.)ની અઝમત

પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)એ પોતાના સદાચારી સહાબી જનાબે જાબિર ઇબ્ને અબ્દુલ્લાહે અન્સારીને ફરમાવ્યું :

**"અય જાબિર ! ખુદાવંદે આલમે તમને લાંબી ઉમ્ર આપી છે અને તમને મારા ફરઝંદ મોહમ્મદ બીન અલી બીન હુસૈન બીન અલી ઇબ્ને અબી તાલીબની ઝિયારત નસીબ થશે. જેનું નામ તૌરેતમાં બાકીર છે. જયારે તમે તેમની ઝિયારત કરો તો મારા સલામ કહેજો."**

પયગમ્બરે ઇસ્લામનો ઇન્તેકાલ થઇ ગયો અને જાબિરને લાંબી ઉમ્ર નસીબ થઇ. એક દીવસ આપ ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ના ઘરે ગયા ત્યારે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)નું નાના હતા જયારે જાબિરની નઝર ઈમામ બાકીર (અ.સ.) પર પડી તરત જ બોલી ઉઠયા :

અહીં આવો પછી કહ્યું જરા પાછા જાઓ ઈમામ (અ.સ.) પાછા ગયા આ જોઈને જાબિરે કહ્યું :

**"ખુદાવંદે આલમની કસમ ! આ તો બિલકુલ રસુલે ખુદા (સ.અ.વ.)ની તસ્વીર છે."**

પછી ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ને પુછયું "આ કોણ છે ?" ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું.

**"આ મારો દીકરો બાકીર છે જે મારા પછી તમારા ઈમામ હશે."**

આ સાંભળી જાબિર ઉભા થયા અને ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ના મુબારક પગોને ચુમ્યા અને કહ્યું

**"હું આપ પર કુરબાન થઇ જાવ અય રસુલે ખુદા (સ.અ.વ.)ના દીકરા ! આપના નાના રસુલે ખુદા (સ.અ.વ.)એ આપને સલામ કહ્યા છે."**

આ સાંભળી ઈમામ બાકીર (અ.સ.)ની આંખોમાં આંસુ આવી ગયા અને કહ્યું :

**"નાના પર લાખો વાર સલવાતો સલામ જયાં સુધી આસમાનો ઝમીન કાએમ છે અને તમારા પર પણ અય જાબિર મારા સલામ થાય કે તમે મારા સુધી આ સલામ પહોંચાડયા."**

**(આમાલી શૈખે સદુક ૨૧૧, એલલુશ્શરાએઅ ભાગ ૧, પેજ નં. ૨૩૩)**

# ઈમામ (અ.સ.)નું ઇલ્મ

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) પણ બીજા ઈમામોની જેમ વહીથી તૃપ્ત થયા હતા. આ હઝરતોએ દુનિયામાં ન તો કોઈની પાસેથી દુન્યવી ઇલ્મ લીધું છે કે ન તો કોઈ મદ્રેસામાં ઇલ્મ શીખ્યું છે. કારણ કે આ તમામ હઝરતો દુનિયાવાળાઓને ઇલ્મ અને હિકમતનું શિક્ષણ આપવા માટે આવ્યા હતા તેઓ પાસેથી કંઈ મેળવવા નહોતા આવ્યા.

❖ જનાબે જાબિર બીન અબ્દુલ્લાહે અન્સારી બરાબર ઈમામ (અ.સ.)ની ખિદમતમાં હાજર થતા અને પોતાની ઈલ્મી તરસ ઈમામ (અ.સ.)ના ઇલ્મ અને કમાલથી બુજાવતા અને ઈમામ (અ.સ.)ને બાકીરૂલ ઉલુમના નામથી યાદ કરતા હતા અને કહ્યા કરતા હતા કે આપ આ બાળપણમાં પણ વહીએ ઇલાહીથી પરિપૂર્ણ છો.

**(એલલુશ્શરાએઅ ભાગ ૧, પેજ નં. ૨૩૪)**

❖ અબ્દુલ્લાહ બીન અત્તાર મકકીનું વર્ણન છે કે મેં મોટા મોટા બુધ્ધિશાળીઓને કોઈની પાસે આવી રીતે નથી જોયાં જેવા કે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની પાસે જોયાં. હકમ બીન ઉતબા જેના ઇલ્મની ધાક દરેકના દિલો દિમાગમાં હતી પણ જયારે તે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની ખિદમતમાં હાજર થતો તો એવું લાગતું હતું કે એક નાનું બાળક એક અઝીમ શિક્ષકની સામે બેઠું છે.

**(ઇરશાદે શૈખે મુફીદ પેજ નં. ૨૯૫)**

❖ ઈમામ (અ.સ.)ની અઝમત અને બુઝુર્ગીનો કલેમો દરેક ઝબાન પર હતો જાબિર બીન યઝદે જોઅફી ઈમામ (અ.સ.)થી રિવાયત નકલ કરતાવખતે કહ્યા કરતા હતા. **"વારિસે ઈલ્મે અંબીયા હઝરત મોહમ્મદ બીન અલી બીન હુસૈન (અ.સ.)"** એ ફરમાવ્યું :

**(ઇરશાદે શૈખે મુફીદ પેજ નં. ૨૯૫)**

❖ એક શખ્સ અબ્દુલ્લાહ બીન ઉંમરની પાસે આવ્યો અને એક સવાલ કરી બેઠો. અબ્દુલ્લાહ બીન ઉંમર કોઈ જવાબ ન આપી શકયો. તેણે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની તરફ ઈશારો કરતા કહ્યું જાવ અને તેમનાથી સવાલ કરો અને જે જવાબ તેઓ આપે તે મને પણ જણાવો.

તે શખ્સ ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની ખિદમતમાં હાજર થયો અને પોતાનો સવાલ પુછયો. ઈમામ (અ.સ.)એ સવાલ સાંભળતા તરત જ તેને સંતોષકારક જવાબ આપ્યો તે શખ્સે જવાબ અબ્દુલ્લાહ બીન ઉંમરને કહ્યો જવાબ સાંભળી અબ્દુલ્લાહ બીન ઉંમરે કહ્યું ખુદાની કસમ આ લોકો એવા ખાનદાનથી સંબંધ ધરાવે છે જેઓનું ઇલ્મ ખુદા તરફથી છે.

**(મનાકીબે ઇબ્ને શહેરે આશુબ ભાગ ૩, પેજ નં. ૩૨૯)**

❖ અબુ બશીરનું વર્ણન છે કે “એક દીવસ હું ઈમામ બાકીર (અ.સ.)ની સાથે મસ્જીદે ગયો. લોકોની ભીડ જામેલી હતી ઈમામ (અ.સ.)એ મને કહ્યું કે લોકોને એમ પુછો કે શું તમે ઈમામ (અ.સ.)ને જોયા છે. હું હર એકને પુછતો રહ્યો કે શું તમે ઈમામ (અ.સ.)ને જોયા છે દરેક એવો જ જવાબ આપતા કે ના અમે નથી જોયા. જયારે કે ઈમામ (અ.સ.) મારી બાજુમાં બેઠા હતા. હજુ હું લોકોને પુછતો હતો કે એટલામાં અબુ હારવીન જે ઈમામના સાચા માનવાવાળાઓમાંથી હતા આવ્યા એ યાદ રહે કે અબુ હારવીન બિલકુલ અંધ હતા ઈમામ (અ.સ.)એ મને કહ્યું જરા અબુ હારવીનને પણ પુછો મેં અબુ હારવીનને પુછયું કે તમે ઈમામ અબુ જઅફર (અ.સ.)ને જોયા છે ? અબુ હારવીને તરત જ જવાબ આપ્યો શું ઈમામ (અ.સ.) તમારી બાજુમાં નથી બેઠા ? મેં પુછયું કે આખરે તમને કેવી રીતે ખબર પડી ?

અબુ હારવીને જવાબ આપ્યો હું શા માટે તેઓને ના ઓળખું જો કે તેઓ ઝળહળતું નૂર છે.

❖ આ રિવાયત પણ અબુ બશીરથી નકલ થયેલ છે કે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)એ એક આફ્રિકી પાસેથી પોતાના દોસ્ત **“રાશીદ”**ના ખબર અંતર પુછયા તે આફ્રિકીએ જવાબ આપ્યો. અલ્હમ્દોલિલ્લાહ ખૈરિયતથી છે અને આપની પાક ખિદમતમાં સલામ મોકલેલ છે.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : ખુદા તેના ઉપર રહેમત નાઝિલ કરે.
તેણે આશ્ચર્યજનક પુછયું : શું તેનું મૃત્યુ થઇ ગયું ?
ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : હાં.
તેણે પુછયું : તેનું મૃત્યુ કયારે થયું ?
ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : તમારા આવવાના બે દીવસ પછી
તેણે કહ્યું : ખુદાની કસમ તે બીમાર પણ ન હતો.
ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : “શું જેટલા મરનાર છે તે દરેક બીમાર થઇ જાય છે ?

ત્યારે અબુ બશીરે રાશીદ વિષે સવાલ કર્યો. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું.

“તે અમારા દોસ્તો અને ચાહવાવાળાઓમાંથી હતા. શું તમારો એવો ખયાલ છે કે અમારી નઝર તમારા અઅમાલ ઉપર નથી ? કેટલી હદે ખોટો છે આ વિચાર ? ખુદાની કસમ તમારી આખી ઝિંદગી અમારી નઝરોની સામે છે તમારી દરેક પ્રવૃત્તિ પર અમારી નઝર છે. હંમેશા સારા અઅમાલ અને અખ્લાકની આદત પાડો જેથી

તમારી ગણતરી ખૈરવાળાઓમાં થાય અને તેના જ કારણે ઓળખાઓ. આ જ વાતનો હું દરેક શિયાઓને હુકમ આપું છું.

**(બેહારૂલ અન્વાર ભાગ ૪૬, પેજ નં. ૪૪)**

❖ એક શખ્સનું બયાન છે કે હું કુફામાં એક ઔરતને કુરઆન પઢાવતો હતો એક દીવસ તેની મજાક કરી બેઠો અને ત્યારબાદ ઈમામ (અ.સ.)ની ખિદમતમાં હાજર થયો.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું :

"જે લોકો એકલતામાં ગુનાહોના કામ કરે છે શું ખુદાને તેનું ઇલ્મ નથી જરા એમ તો બતાવો કે તમે તે ઔરતને શું કહ્યું હતું. ?"

આ સાંભળતા જ મેં શર્મથી માથું જુકાવી દીધું અને તૌબા કરી લીધી.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : જુઓ ફરી કયારેય ચર્ચા ન કરતા"

**(બેહારૂલ અન્વાર ભાગ ૪૬, પેજ નં. ૨૪)**

## ઈમામ (અ.સ.)ના અખ્લાક

❖ એક શામી મદીનામાં રહેતો હતો અને દરરોજ ઈમામની ખિદમતમાં હાજર થતો હતો એક દીવસ ઈમામ (અ.સ.)ને કહેવા લાગ્યો મારૂં દીલ આપની નફરતથી ભરેલું છે અને આ ઝમીન પર કોઈ એવું નથી કે જેને હું આપનાથી વધારે દુશ્મન માનતો હોઉં અને મને આ વાતનો વિશ્વાસ છે અને આ જ મારો અકીદો છે કે ખુદા અને તેના રસુલની ઇતાઅત અને ખુશ્નુદી ફકત તમારી સાથે દુશ્મની રાખવામાં જ છે. અને આ જે હું તમારી પાસે દરરોજ આવ જા કરૂં છું તે એટલા માટે નથી કે હું આપને દોસ્ત રાખું છું પરંતુ ફકત એટલા માટે આવું છું કે આપ એક સારા વાત કરનાર અને બહેતરીન વિદ્વાન છો અને આપની વાણી અદબી પવિત્રતાથી પરિપૂર્ણ રહે છે.

આ બધી વાતો પછી પણ ઈમામ (અ.સ.) તે શખ્સની સાથે કાયદાથી વર્તન કરતા રહ્યા અને આપના વર્તનમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયો નહીં. હજુ થોડા જ દીવસો પસાર થયા હશે કે તે શામી શખ્સ બહુ જ બીમાર થઇ ગયો અને તેને એ વાતનું યકીન થઇ ગયું કે હવે મારૂ મૌત નકકી છે જયારે તે પોતાના જીવનથી માયુસ થઇ ગયો તો તેણે વસિય્યત કરી કે જયારે હું મરી જાઉં તો હઝરત અબુ જઅફર (ઈમામ મોહમ્મદ બાકીર અ.સ.) મારી નમાઝે જનાઝા પઢાવે.

હજુ રાત પડી હતી ત્યાં તો લોકોએ જોયું કે તે શખ્સનો ઇન્તેકાલ થઇ ગયો હતો જયારે સવાર થઇ તો તે શખ્સનો જે વારિસ હતો તે ઈમામ બાકીર (અ.સ.)ની ખિદમતમાં હાજર થયો આપ (અ.સ.) ત્યારે મસ્જીદમાં બેઠા હતા અને તઅકીબાતમાં મશ્ગુલ હતા. તે શખ્સે પુરી વાત ઈમામ (અ.સ.)ને કહી સંભળાવી.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું જલ્દી ન કરો તે શખ્સનું મૃત્યુ નથી થયું. ઈમામ (અ.સ.)એ વુઝુ કર્યું બે રકઅત નમાઝ પઢી, હાથોને ઉંચા કરી દુઆ માંગી અને પછી સિજદામાં ચાલ્યા ગયા. આપે સિજદામાંથી સુરજ નિકળ્યો ત્યારે પોતાનું માથું ઉંચું કર્યું.

ઈમામ (અ.સ.) પેલા શામી શખ્સના ઘરે ગયા અને તે શખ્સના માથા પાસે બેસી ગયા અને તેને અવાજ આપી તે શખ્સે તરત જ જવાબ આપ્યો. ઈમામ (અ.સ.)એ સહારો આપી તેને ટેકે બેસાડયો પછી ઈમામ (અ.સ.)એ શરબત માંગ્યું અને તે શખ્સને પીવરાવ્યું અને તેના ઘરવાળાઓને ફરમાવ્યું **"આને ઠંડો ખોરાક આપો."** આટલું કહી ઈમામ (અ.સ.) જતા રહ્યા.

હજુ થોડાક જ દીવસો વિત્યા હશે કે પેલો શામી શખ્સ એકદમ તંદુરસ્ત થઇ ગયો અને ઈમામ (અ.સ.) પાસે આવીને કહેવા લાગ્યો. **"હું ગવાહી આપું છું કે આપ તમામ લોકો પર હુજ્જતે ખુદા (ખુદાની હુજ્જત) છો."**

**(આમાલીએ શૈખે તુસી પેજ નં. ૨૬૧)**

❖ મોહમ્મદ બીન મુન્કદ રજનની ગણતરી તે સમયના સૂફીઓમાં થાય છે. એક દીવસ જયારે કે ખુબ જ સખ્ત ગરમી પડી રહી હતી મદીનાથી બહાર ગએલ હતા રસ્તામાં જોયું કે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) પોતાના ગુલામો સાથે આવી રહ્યા છે અને આપ પસીનામાં ડુબેલા છે (પસીનાથી તરબતર છે) આપ (અ.સ.)ની હાલત બતાવી રહી હતી કે આપ (અ.સ.) ખેતર તરફથી આવી રહ્યા હતા. આ જોઈને મારા દીલમાં એક વિચાર આવ્યો કે ચાલો બહુ જ સારો મૌકો મળ્યો છે આજે તો હું ઈમામ (અ.સ.)ને કંઇક નસીહત જરૂર કરીશ કારણ કે આ વાતો તેમના માટે શોભા નથી દેતી આમ વિચારીને તે ઈમામ (અ.સ.)ની નઝદીક આવ્યો અને સલામ કરી ઈમામ (અ.સ.)એ સલામનો જવાબ આપ્યો.

મેં કહ્યું : ખુદા આપને સલામત રાખે અગર આ જ હાલતમાં આપને મૌત આવી જાય તો પછી આપની પરિસ્થિતિ કેવી હશે કારણ કે આ વાત આપના માટે હરગિઝ વ્યાજબી નથી.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું :

"ખુદાની કસમ ! અગર આ જ હાલતમાં મને મૌત આવી જાય તો ખુદાવંદે આલમની ઇતાઅતમાં મૌત આવશે કેમ કે હું મારા આ કાર્યથી પોતાને તમારા જેવા લોકોથી બેનિયાઝ કરી રહ્યો છું. હું ફકત ત્યારે મૌતથી ગભરાવ છું જયારે ખુદાના ખ્વાસ્તા કોઈ ગુનાહના કાર્યોમાં વ્યસ્ત હોઉં.

મોહમ્મદ બીન મુન્કદે કહ્યું કે ખુદા આપ (અ.સ.) પર રહેમતો નાઝિલ કરે મેં વિચાર્યું હતું કે આપને કંઈક નસીહત કરૂં પરંતુ આપે તો ખુદ મને જ નસીહત કરી દીધી અને મને સાવધાન કરી દીધો.

**(ઇરશાદે શૈખે મુફીદ પેજ નં. ૨૯૬)**

# ઈમામ (અ.સ.) અને ઉમવી ખાનદાન

ઈમામ ચાહે ઘરમાં એકલા જીવન વિતાવી રહ્યા હોય કે પછી સમાજમાં સામુહિક જીવન વિતાવતા હોય બંને સૂરતોમાં તેઓની રહેબરી અને ઈમામતમાં કોઈ પણ ફર્ક નથી હોતો કારણ કે ઈમામત પણ રિસાલતની જેમ એક મનસબ છે જેને ખુદ ખુદાવંદે આલમ જેને ચાહે છે તેને અતા કરે છે તેમાં લોકોના સલાહ સુચનની કોઈ દખલગીરી હોતી નથી.

હંમેશા ગાસિબો (ગસબ કરનાર) અને ઝાલિમો (ઝુલ્મ કરનાર) આ મનસબ અને મરતબાથી હસદ કરતા રહ્યા. તે લોકોની કાયામિક કોશિશ રહી કે ગમે તે થાય પણ હુકુમત ઈમામના હાથોમાં ન જવા પામે અને એટલા માટે જ જાએઝ અને નાજાએઝની હદો તેઓના માટે કોઈ મતલબ નહોતી ધરાવતી.

ઈમામ (અ.સ.)ના જીવનનો એક ભાગ હેશામ બીન અબ્દુલ મલિકની હુકુમતમાં પસાર થયો. હેશામને પણ બીજા ઉમવી બાદશાહોની જેમ આ વાતનું યકીન હતું કે ભલે અમે હુકુમત તેઓ પાસેથી છીનવી લીધી છે અથવા તેઓ સુધી હુકુમત પહોંચવા જ નથી દીધી પરંતુ લોકોના દીલોમાં તેઓની જ હુકુમત છે અને તેઓનો જ સિકકો લાગેલો છે.

ઈમામ (અ.સ.)ની અઝમત અને દબદબો એટલો બધો વધારે હતો કે દોસ્ત તો દોસ્ત ખુદ દુશ્મન પણ આપ (અ.સ.)ની ઈઝઝત અને એહતેરામ કરવા માટે મજબુર થઇ જતા હતાં.

❖ હેશામ એક વર્ષ હજ કરવાના ઈરાદે મકકા આવ્યો હતો. તે જ વર્ષે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને ઈમામ જઅફર સાદીક (અ.સ.) પણ મકકા આવ્યા હતાં. એક દીવસ ઈમામ જઅફર સાદીક (અ.સ.)એ લોકોના એક મોટા સમૂહને સંબોધન કરતા કહ્યું :

"દરેક વખાણ તે અલ્લાહ માટે કે જેણે હઝરતમોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ને પયગમ્બર બનાવીને મોકલ્યા અને તેઓ થકી અમોને ફઝીલત અને અઝમત અતા કરી અમે ખુદાના તે બંદા છીએ જેને ખુદાવંદે આલમે ઝમીન પર પોતાના જાનશીન અને ખલીફા મુકર્રર કર્યા છે. સફળ છે તેઓ જે અમારી ઇતાઅત અને પૈરવી (અનુસરણ) કરે અને જેણે અમારાથી દુશ્મની કરી તે હલાક અને બરબાર થયો."

ઈમામ જઅફર સાદીક (અ.સ.) હંમેશા ફરમાવ્યા કરતા હતાં કે લોકોએ આ ખુત્બાને હેશામ સુધી પહોંચાડી દીધો પણ તેણે મકકામાં કોઈ પણ પ્રકારનો વિરોધ ન કર્યો અને તે દમિશ્ક જતો રહ્યો અને અમે મદીના આવી ગયા. હેશામે દમિશ્કથી તેના વલીને હુકમ મોકલ્યો કે મને અને મારા પિતાને દમિશ્ક માટે રવાના કરવામાં આવે. અમે દમિશ્ક પહોંચાડી દેવામાં આવ્યા ત્રણ દીવસ સુધી હેશામે અમોને ન બોલાવ્યા અને ચોથા દીવસે અમને દરબારમાં બોલાવવામાં આવ્યા. જયારે અમે દરબારમાં દાખલ થયા ત્યારે હેશામ તખ્ત પર બેઠો હતો અને તેની આજુબાજુ તેના માણસો તિરંદાજીમાં મશ્ગુલ હતાં.

હેશામે મારા મોહતરમ પિતાનું નામ લઇ અવાજ આપ્યો અને કહ્યું જરા તમારા કબીલાવાળાઓ સાથે તિરંદાજી કરો. મારા પિતાએ કહ્યું : હું ઝઈફ થઇ ગયો છું તિરંદાજીનો સમય વીતી ચુકયો છે તેથી મને બક્ષી આપવામાં આવે.

હેશામે આગ્રહ કરવાનું શરૂ કર્યું અને આપને કસમો આપવા લાગ્યો અને બની ઉમય્યાના એક ઝઈફને સંબોધીને કહ્યું કે જરા તમારા તીર અને કમાન આમને આપો.

મારા પિતાએ કમાન લીધી અને તીર કમાનમાં રાખ્યું. પહેલું જ તીર સીધા નિશાને લાગ્યું પછી બીજું તીર કમાનમાં જોડયું બીજું તીર જઈને પહેલા તીર સાથે જોડાઈ ગયું એવી જ રીતે ઈમામ (અ.સ.) તીર છોડતા રહ્યા અને દરેક તીર પહેલા તીર સાથે જોડાતું રહ્યું. ત્યાં સુધી કે નવમું તીર છોડયું તે પણ જઈને સીધું આંઠમાં તીર સાથે જોડાઈ ગયું.

આ જોઈને ત્યાં હાજર બધા લોકો આશ્ચર્યચકિત થઇ ગયા અને હેશામનો ચહેરો આતુરતાના કારણે લાલ થઇ ગયો અને તે એટલો ભય પામ્યો કે ભયના કારણે તેની આંખો અંદર ખુંચી ગઈ.

દરેકની ઝબાન ઉપર ઈમામના વખાણ અને ગુણગાન હતાં.

હેશામ કહેવા લાગ્યો : ખરેખર આપે કમાલ કરી દીધો. અરબ અને અજમમાં આપનાથી બહેતર તીર અંદાઝ નથી. આપે કેવી રીતે કહી દીધું કે મારો તીર અંદાઝીનો સમય વિતી ચૂકયો છે અને હવે હું ઝઈફ થઇ ગયો છું.

હેશામે ત્યારે જ મારા મોહતરમ પિતાને કત્લ કરવાનો ઈરાદો કરી લીધો અને માથું જુકાવીને ઘણી વાર સુધી વિચારતો રહ્યો અને અમે તેના તખ્ત પાસે બેઠા રહ્યા. જયારે લાંબો સમય વિતી ચૂકયો અને હેશામે કોઈ ધ્યાન ન આપ્યું તો મારા પિતા આ વાતથી ખુબ જ નારાઝ થયા અને ગુસ્સાના ચિન્હો આપના ચહેરા પર દેખાવા લાગ્યા. મારા પિતાની આ આદત હતી કે જયારે આપ ગુસ્સે થતા તો એકધારા આસમાન તરફ જોયા કરતા.

જયારે હેશામે આ હાલત જોઈ તો તેણે અમને તખ્ત ઉપર બોલાવ્યા અને મારા પિતાને ગળે લગાડયા અને પછી તેમને પોતાના તખ્ત પર પોતાની જમણી બાજુ બેસાડયા પછી મને ગળે મળ્યો અને મારા પિતાની બાજુમાં મને બેસાડયો ત્યાર પછી તે મારા પિતા સાથે વાતો કરવા લાગ્યો અને કહેવા લાગ્યો :

જયાં સુધી આપ હયાત છો અરબ અને અજમ બંનેને આપ પર ગર્વ છે. આપે આ તીર અંદાઝી કોની પાસેથી શીખી અને કેટલા સમયમાં શીખી ?

ઈમામ (અ.સ.)એ કહ્યું : તને ખબર છે કે તીર અંદાઝી મદીનાવાળાઓ માટે એક બહેતરીન રમત છે. મેં કયારેક કોઈ વખતે તીર અંદાઝી કરી હતી ત્યાર પછી આજ સુધી હાથ પણ નથી લગાડયો

હેશામે કહ્યું : જયારેથી મેં મારી પોતાની ઝાતાને ઓળખી છે અને થોડી ઘણી સભ્યતા મારામાં જાગી છે ત્યારથી લઈને આજ સુધી કોઈને પણ આપ જેવી તીર અંદાઝી કરતા નથી જોયો અને મને વિશ્વાસ છે કે આ ઝમીન પર આપ જેવો તીર અંદાઝ કોઈ નથી. શું આપના સાહેબઝાદા **"જઅફર"** પણ આવી તીર અંદાઝી કરી લે છે. ?

ઈમામ (અ.સ.)એ કહ્યું : હાં, અમે દરેક વસ્તુઓને સંપૂર્ણ વિશિષ્ટતા સાથે વારસાગત મેળવીએ છીએ તે જ કમાલની છેલ્લી હદ જેને ખુદાવંદે આલમે પોતાના નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ને અતા કરી જેમ કે કહેવામાં આવ્યું છે.

**તરજુમો :** "અને ઝમીન કયારેય આવા લોકોથી ખાલી નથી રહી શકતી જે દરેક કાર્યોમાં સંપૂર્ણતા અને આવડત ન ધરાવતા હોય.

આ સાંભળીને હેશામની આંખો અંજાઈ ગઈ અને ગુસ્સાના કારણે તેનો ચહેરો લાલ થઇ ગયો થોડીવાર સુધી માથું જુકાવીને વિચારતો રહ્યો પછી કહેવા લાગ્યો :

"પરંતુ અમે અને તમે "અબ્દે મનાફ"ની નસ્લમાંથી નથી અને આથી એકબીજા જેવા નથી."

ઈમામ (અ.સ.)એ કહ્યું : હાં, આવું જ છે પરંતુ ખુદાવંદે આલમે અમોને અમુક ખાસિયતો અતા કરી છે જેનાથી બીજાઓને એકદમ વંચિત રાખ્યા છે.

હેશામે કહ્યું : પરંતુ પયગમ્બર અબ્દે મનાફની ઔલાદમાંથી ન હતાં જેમને પુરી દુનિયા માટે રહેમત બનાવીને મોકલવામાં આવ્યા. તેઓની રિસાલત દરેક માટે સરખી હતી તેમાં કાળા, ગોરાનું કોઈ બંધન ન હતું આ બધું ઇલ્મ અને હુન્નર આપને કોની પાસેથી વારસામાં મળ્યું છે જયારે કે પયગમ્બરે ખુદા પછી બીજો કોઈ નબી નથી અને આપ તો નબી નથી.

ઈમામ (અ.સ.)એ કહ્યું : ખુદાવંદે આલમે કુરઆનમાં પયગમ્બરે ઇસ્લામને સંબોધન કરતા ફરમાવ્યું છે :

**"જયાં સુધી કોઈ વહી આપના પર ન આવે ત્યાં સુધી આપ પોતાની ઝબાનથી કંઈ ન ફરમાવતા"**

**(સુરએ કયામત / આયત નં. ૧૬)**

આ આયતના કારણે પયગમ્બર (સ.અ.વ.)ની ઝબાન વહી પર આધારિત છે તો આ જ પયગમ્બરે અમોને એવી ખાસિયતો અતા કરી છે જેને બીજાઓથી દૂર રાખેલ છે. આ જ કારણ છે કે જે ખાનગી વાતો પયગમ્બરે અકરમ (સ.અ.વ.) પોતાના ભાઈ હઝરત અલી (અ.સ.)ને કરતા હતાં તે કોઈ બીજાને નહોતા કહેતા અને તે તરફ કુરઆને પણ ઈશારો કર્યો છે.

**"આપના તરફ જે કાંઈ પણ વહી કરવામાં આવે છે અને જે  તેની અસરો આપને સોંપવામાં આવે છે તેને એક યાદ રાખનાર કાન સાંભળ્યા કરે છે."**

પયગમ્બરે ખુદા (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)ને કહ્યું મેં ખુદા પાસે દુઆ કરી છે કે તે આ આયતનો અર્થ (મતલબ) તમને બનાવે. એક દીવસ કુફામાં હઝરત અલી (અ.સ.)એ ફરમાવ્યું :

"હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મને ઇલ્મના હજાર બાબ શિખવ્યા છે અને દરેક બાબમાંથી મારા માટે હજાર હજાર બાબ ખુલ્લી ગયા. જેવી રીતે અલ્લાહે રસુલે ખુદા (સ.અ.વ.) ઉપર મહેરબાની કરી હતી અને બીજાઓને તેનાથી વંચિત રાખ્યા હતા તેવી જ રીતે તેણે હઝરત અલી (અ.સ.)ને ચુંટી કાઢયા અને આ જ વસ્તુઓનું શિક્ષણ આપ્યું જે બીજા કોઈને ન આપી જેથી આ દરેક વસ્તુઓ પરંપરાગત ફકત આપણને જ મળે છે બીજા કોઈને નહીં."

હેશામે કહ્યું : હઝરત અલીએ તો ઈલ્મે ગૈબનો પણ દાવો કર્યો હતો જો કે આ દાવો ખુદા સિવાય બીજા કોઈને નથી શોભતો.

ઈમામ (અ.સ.)એ કહ્યું : ખુદાવંદે આલમે પયગમ્બર (સ.અ.વ.) ઉપર એવી કિતાબ ઉતારી છે જેમાં દરેક વસ્તુ મૌજુદ છે. શરૂઆતથી લઈને ત્યાર સુધીના હાલાત અને ત્યારથી લઈને કયામત સુધીના દરેક વાકેઆઓ તેમાં મૌજુદ છે જેમ કે ખુદ કુરઆનમાં છે.

**"અમે તમારા ઉપર એવી કિતાબ ઉતારી છે જેમાં દરેક વસ્તુઓનું વર્ણન મૌજુદ છે."**

**(સુરએ નહ્લ / આયત નં. ૮૯)**

**"કોઈ પણ વસ્તુ એવી નથી જેનું વર્ણન આ કિતાબમાં ન હોય."**

**(સુરએ અનઆમ / આયત નં. ૩૮)**

**"અમે દરેક વસ્તુઓ રોશન કિતાબમાં ભેગી કરી દીધી છે."**

**(સુરએ યાસીન / આયત નં. ૧૨)**

અને ખુદાવંદે આલમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને હુકમ આપ્યો હતો કે દરેક અસરો હઝરત અલી (અ.સ.)ને શિખવાડી દયો અને પયગમ્બર (સ.અ.વ.)એ ઉમ્મતને સંબોધીને કહ્યું :

**"અલી તમારા બધાથી સારો ફેંસલો કરનાર અને તમારા બધાથી વધારે ઇલ્મ ધરાવનાર છે."**

આ સાંભળી હેશામ ચુપ થઇ ગયો અને પછી કાંઈ પણ બોલી ન શકયો અને ઈમામ (અ.સ.) તેના દરબારમાંથી ચાલ્યા ગયા.

**(દલાએલુલ ઈમામહ તબરી પેજ નં. ૧૦૪ થી ૧૦૬)**

## ઈમામ (અ.સ.) સંગ્રહખોરીની જગ્યામાં

અબ્દુલ્લાહ ઇબ્ને નાફેઅ જે હઝરત અલી (અ.સ.)ના સખ્ત દુશ્મનોમાંથી હતો અને કહ્યા કરતો હતો કે અગર કોઈ મને સંતોષકારક રીતે સાબિત કરી દે કે જંગે નહેરવાનમાં હઝરત અલી (અ.સ.) હક પર હતા અને ખારજીઓને જે કત્લ કર્યા તે હઝરત અલી (અ.સ.)નો સાચો નિર્ણય હતો તો હું તે શખ્સ પાસે જઈશ ભલે પછી તે ગમે તેટલો દૂર કેમ ન હોય ?

લોકોએ અબ્દુલ્લાહને કહ્યું કે શું ઔલાદે અલી પણ તને સંતોષી નથી શકતી ? અબ્દુલ્લાહે કહ્યું શું અલીની ઔલાદમાં કોઈ અકકલમંદ પણ છે ?

લોકોએ કહ્યું આ જ વાત તારી જાહેલિય્યત માટે પુરતી છે. શું આ વાત શકય છે કે હઝરત અલી (અ.સ.)ની ઔલાદમાં કોઈ અકકલમંદ ન હોય ?

અબ્દુલાહે કહ્યું : શું ઔલાદે અલીમાંથી અત્યારે પણ કોઈ છે ?

લોકોએ અબ્દુલ્લાહને હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) તરફ ઈશારો કર્યો અબ્દુલ્લાહ પોતાના દોસ્તો સાથે મદીના આવ્યો અને હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) સાથે મુલાકાતની ઈચ્છા વ્યકત કરી.

ઈમામ (અ.સ.)એ એક ગુલામને કહ્યું કે જા તેઓનો સામાન ઉતાર અને તેઓને કહે કે કાલે આવે.

વહેલી સવારે અબ્દુલ્લાહ પોતાના દોસ્તો સાથે ઈમામની ખિદમતમાં હાજર થયો. ઈમામ (અ.સ.)એ પણ પોતાના અસ્હાબો અન્સારમાંથી જેઓ હયાત હતા બોલાવ્યા. જયારે બધા લોકો હાજર થઇ ગયા ઈમામ (અ.સ.) આવ્યા ત્યારે આપ (અ.સ.)એ લાલ કલરના કપડા પહેરેલા હતા. આપે આ રીતે કહ્યું :

"વખાણ છે તે અલ્લાહના જેણે ઝમાનાને ખલ્ક કર્યો, વખાણ છે તે ઝાતની જેને ઊંઘ નથી આવતી ઝમીનો આસમાનમાં જે કાંઈ છે તે બધું અલ્લાહની મિલ્કિયત છે હું સાક્ષી આપું છું કે ખુદા સિવાય બીજો કોઈ અલ્લાહ નથી અને હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) તેના ખાસ બંદા અને તેના મોકલેલ છે. વખાણ છે તે અલ્લાહના કે જેણે નબુવ્વત થકી અમોને ફઝીલત અતા કરી અને પોતાની વિલાયત અને ખિલાફતથી અમારા ઉપર મહેરબાની કરી. અય અન્સારો અને મુહાજીરો ! તમારામાંથી જેને હઝરત અલી (અ.સ.)ની કોઈ ફઝીલત યાદ હોય તે બયાન કરો.

ત્યાં હાજર રહેલા દરેકે એક એક હદીસ વર્ણવવાનું શરૂ કર્યું ત્યાં સુધી કે વાત **"હદીસે ખૈબર"** સુધી પહોંચી. લોકો કહેવા લાગ્યા કે જંગે ખૈબરમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું :

"કાલે હું અલમ એવા મર્દના હવાલે કરીશ કે જે અલ્લાહ અને તેના રસુલને દોસ્ત રાખતો હોય અને જેને અલ્લાહ અને તેનો રસુલ પણ દોસ્ત રાખતા હશે. તે આગળ વધી વધીને હુમલા કરવાવાળો હશે અને મૈદાનમાંથી ભાગશે નહીં અને ત્યાં સુધી મૈદાનમાંથી પાછો નહીં આવે જયાં સુધી અલ્લાહ તેને વિજય ન અતા કરે."

બીજા દીવસે અલમ પોતાની દરેક ખાસિયતો સાથે હઝરત અલી (અ.સ.)ના હવાલે કરવામાં આવ્યો આપ (અ.સ.)એ શાનદાર જંગ કરી અને યહુદીઓના કિલ્લા "ખૈબર"ને જીતી લીધો અને ખૈબરના દરવાજાને ઉખાડી ફેંકયો.

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)એ અબ્દુલ્લાહ બીન નાફેઅને કહ્યું : "આ હદીસ વિષે તમારો શું મત છે ?"

અબ્દુલ્લાહ બોલ્યો : હદીસ તો એકદમ સાચી છે પરંતુ પછી અલી કાફીર થઇ ગયા કારણ કે તેઓએ ખારજીઓને નાહક કત્લ કર્યા.

ઈમામ (અ.સ.)એ કહ્યું : તારી માં તારા ગમમાં બેસે. અલ્લાહ જયારે અલીને દોસ્ત રાખતો હતો તેને ખબર હતી કે પાછળથી હઝરત અલી (અ.સ.) ખારજીઓને કત્લ કરશે શું અલ્લાહને આ વાતની જાણ ન હતી ? અગર એમ કહીશ કે ખુદાને આ વાતની ખબર ન હતી તો તે કુફ્ર કર્યું ગણાશે.

અબ્દુલ્લાહ બોલ્યો : ખુદાને આ વાતની ખબર હતી.

ઈમામ (અ.સ.)એ કહ્યું : અલ્લાહ અલીને એટલા માટે દોસ્ત રાખતો હતો કે હઝરત અલી (અ.સ.) અલ્લાહના ફરમાંબરદાર બંદા હતા કે પછી મઆઝલ્લાહ અલી અલ્લાહની નાફરમાની કરતા હતા. ?

અબ્દુલ્લાહ બોલ્યો : અલ્લાહ એટલા માટે દોસ્ત રાખતો હતો કે હઝરત અલી (અ.સ.) અલ્લાહના ફરમાંબરદાર બંદા હતા.

ઈમામ (અ.સ.)એ કહ્યું : તો અગર જો આગળ જતા હઝરત અલી (અ.સ.)થી મઆઝલ્લાહ કોઈ ગુનાહનું કાર્ય થવાનું હોત તો ખુદા કયારેય તેમને દોસ્ત ન રાખતે. ખુદાનું હઝરત અલી (અ.સ.)ને દોસ્ત રાખવું એ વાતની દલીલ છે કે આપ (અ.સ.)થી પુરી ઝિંદગીમાં કોઈ ગુનાહ થવાની શકયતા ન હતી. તો હવે ખારજીઓને કત્લ કરવું ગુનાહ ન હોય શકે પરંતુ ખારજીઓને કત્લ કરવા પણ અલ્લાહની ઇતાઅત અને ફરમાંબરદારી છે.

ત્યાર પછી ઈમામ (અ.સ.)એ કહ્યું : ચાલો ઉઠો હવે તમારી પાસે કોઈ જવાબ નથી અને ફકત આ એક જ દલીલ તમારા વિચારોને બાતિલ કરવા માટે પુરતી છે.

અબ્દુલ્લાહ ત્યાંથી ઉઠયો અને આ આયતની તિલાવત કરવા લાગ્યો :

**“.....એટલે સુધી કે સવારનું અજવાળું રાત્રીના અંધકારથી અલગ દેખાઈ આવે.”**

**(સુરએ બકરહ / આયત નં. ૧૮૭)**

મતલબ એ હતો કે હકીકત એકદમ સવારના ઉજાશની જેમ સ્પષ્ટ થઇ ગઈ અને હવે કોઈ પણ પ્રકારનો શક બાકી ન રહ્યો અને કહેતો જતો હતો કે :

**“ખુદા સારી રીતે જાણે છે કે રિસાલતને કયા ખાનદાનમાં રાખવામાં આવે. (*) અને કોને આ ઓહદાનો વારિસ બનાવવામાં આવે.” (*)**

**(સુરએ અનઆમ / આયત નં. ૧૨૪**
**કાફી ભાગ ૮, પેજ નં. ૩૪૯)**

## ઈમામ (અ.સ.)ના હુકમથી સિકકા ઢળે છે

પહેલી સદી હિજરીમાં કાગળ ફકત રૂમી (રોમના લોકો) બનાવ્યા કરતા હતા અને આ કળા ફકત તેઓ સુધી જ મર્યાદિત હતી અને મિસ્રના ઈસાઈઓ પણ બનાવી લેતા હતા. જો કે રોમના રહેવાસીઓ ઈસાઈ હતા એટલે તેઓ કાગળ પર **“અબ” “ઇબ્ને રવ્હ”** (જે ખાસ ઈસાઈયતની નિશાની છે)નો માર્કો મારતા હતા અને આ જ તેઓની મખ્સુસ નિશાની (ટ્રેડમાર્ક) હતી.

અબ્દુલ મલિક ઉમવી એક હોંશિયાર બાદશાહ હતો જયારે તેણે કાગળ ઉપર આ પ્રકારની નિશાનીઓ જોઈ અને શાંતિથી તેના ઉપર સંશોધન કર્યું ત્યારે હુકમ આપ્યો કે આ લખાણનો અરબીમાં તરજુમો કરવામાં આવે. જયારે તરજુમો કરીને તેની સામે રજુ કરવામાં આવ્યો ખુબ જ નારાઝ થયો અને કહેવા લાગ્યો કે મિસ્ર એક

ઇસ્લામી દેશ છે તેમાં ઈસાઈયત કેમ સફળ થઇ રહી છે. તરત જ મિસ્રના ગવર્નરને બોલાવીને આ હુકમ આપ્યો કે દરેક સ્થાનિક વસ્તુઓ પર આ નિશાની હોવી જોઈએ.

**"શહેદલ્લાહો અન્નહુ લા એલાહા ઇલ્લા હોવ"** અને આખા રાજયમાં આ હુકમ જારી થઇ ગયો કે તે કાગળ કે જેના ઉપર ઈસાઈયતની નિશાની હોય તેને તાત્કાલિક નિસ્તો નાબુદ કરવામાં આવે અને તે કાગળના બદલે નવા કાગળનો ઉપયોગ કરવામાં આવે.

ઇસ્લામી રાજયોમાં હવે નવા કાગળોનો ઉપયોગ થવા લાગ્યો જેના ઉપર ઇસ્લામની નિશાની લાગેલી હોતી અને આ કાગળ રોમ પણ પહોંચ્યા. રોમના બાદશાહને આ વાતની જાણ કરવામાં આવી. રોમના બાદશાહે અબ્દુલ મલિકને એક પત્ર લખ્યો :

"હંમેશાથી કાગળ પર રોમની સિકકો મારવામાં આવતો હતો આ જે તમે નવી નિશાની શરૂ કરી છે અગર તમારૂ આ કામ સાચું છે તો તેનો મતલબ એમ થયો કે તમારાથી પહેલા જે બાદશાહો હતા તેઓએ નાજાએઝ રીતે અમારી નિશાનીઓને ચાલુ રાખી હતી અને તેઓનું આ કાર્ય ખોટું હતું. અને અગર પહેલાના બાદશાહોનું વલણ એકદમ સહીહ અને ઇસ્લામી હતું તો પછી તમારૂ આ પગલું ખોટું છે. (મતલબ એ હતો કે આવી રીતે ખાનદાની પક્ષપાતને હવા આપવામાં આવે કે અબ્દુલ મલિક પોતાના આ કાર્યથી પીછેહઠ કરી લે) હું આ પત્રની સાથે એક ભેંટ પણ મોકલી રહ્યો છું આશા છે કે આપ તેને કબુલ કરશો અને હવે આ વાતની પરવાનગી આપશો કે સ્થાનિક વસ્તુઓ પર તે જ પહેલાની નિશાની ચાલુ રહે. આશા છે કે તમારૂ આ કાર્ય અમોને આભારી કરે."

અબ્દુલ મલિકે ભેંટ પાછી કરી દીધી અને રોમના કાસીદને કહ્યું કે તારો આ પત્ર જે હવે લાયક નથી.

રોમના બાદશાહે બીજી વખત ફરી ભેંટ મોકલી. આ વખતે ભેંટ ખુબ જ મોંઘી મોકલી અને પત્રમાં લખ્યું :

"મેં જે ભેંટ મોકલી હતી તે સાધારણ હતી તેથી આપે તેને સ્વિકારી નહીં આશા છે કે આ વખતે અમારી ભેંટને કબુલ કરશો."

અબ્દુલ મલિકે આ વખતે પણ ભેંટ પરત કરી દીધી અને પત્રનો કોઈ જવાબ ન આપ્યો.

રોમના બાદશાહે ફરી એક વખત અબ્દુલ મલિકને પત્ર લખ્યો :

"આપ બે વખત અમારી ભેંટને પરત કરી ચુકયા છો અને અમારા મોકલાવેલ તોહફાને સ્વિકાર્યો નહીં. હવે ત્રીજી વખત ફરીથી હું તોહફો મોકલી રહ્યો છું અને આ તોહફો પહેલા કરતા ખુબ જ મોંઘો છે. અગર આ વખતે પણ તમે તોહફો સ્વિકાર્યો નહીં અને પરત કર્યો અને અમારી વાત ન માની તો હઝરત ઇસા (અ.સ.)ની કસમ કે દરેક કારખાનાઓને એવો હુકમ આપી દઈશ કે તેઓ એવા સિકકા બનાવે કે જેના ઉપર પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ની શાનમાં બે અદબીભર્યા શબ્દો લખેલા હોય અને આ વાત પણ યાદ રહે કે સિકકા ફકત રોમના લોકો જ બનાવે છે અને જયારે આ રીતના સિકકા તમારી પાસે પહોંચશે તો શર્મથી પસીનો પસીનો થઇ જશો તેથી બહેતર છે કે અમારી વાત માની લો કે દરેક સ્થાનિક વસ્તુઓ ઉપર ખાસ કરીને કાગળ ઉપર અમારી નિશાની રહે અને અમારા આ મોંઘા તોહફાને કબુલ કરો કે જેથી તમારી અને અમારી દોસ્તી અને સંબંધો શરૂ રહે."

જયારે આ પત્ર અબ્દુલ મલિક પાસે પહોંચ્યો તો તેને કોઈ જવાબ ન સુજયો અને કહેવા લાગ્યો કે હું તે પહેલો માણસ છું જે પયગમ્બર (સ.અ.વ.)ની (મઆઝલ્લાહ) ઝિલ્લતનું કારણ બનીશ અને હું તે પહેલો ઇસ્લામનો પુત્ર કહેવામાં આવીશ કે જેના કારણે લોકો રસુલુલ્લાહ (સ.અ.વ.)ને સારૂં ખરાબ કહેશે. **(મઆઝલ્લાહ)**

આ વિષય પર તેણે લોકોની સાથે સલાહ સુચન કર્યું પરંતુ કોઈ યોગ્ય જવાબ ન મળ્યો. ત્યાં હાજર રહેલામાંથી એક શખ્સ બોલ્યો આપને મુશ્કિલથી છુટકારાનો રસ્તો ખબર છે પરંતુ આપ જાણી જોઈને તેના તરફ ધ્યાન નથી આપતા.

અબ્દુલ મલિકે કહ્યું : વાય થાય તારા ઉપર તે કયો રસ્તો છે જેનાથી હું જાણકાર છું ?

તે કહેવા લાગ્યો આ મસઅલાનો ઉકેલ **“બાકીરે અહલેબૈત”** પાસેથી મેળવો તેના સિવાય બીજું કોઈ આનો જવાબ નથી આપી શકતો.

અબ્દુલ મલિકે આ વાતને સ્વિકારી અને તરત જ મદીનાના ગવર્નરને પત્ર લખ્યો કે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ને ઇઝઝત અને એહતેરામની સાથે શામ મોકલો અને આ બાજું અબ્દુલ મલિકે રોમના કાસીદને રોકી રાખ્યો. ત્યાં સુધી કે ઈમામ શામ આવી પહોંચ્યા અને અબ્દુલ મલિકે બધી જ વાત ઈમામ (અ.સ.)ને કહી સંભળાવી ત્યારે ઈમામ (અ.સ.)એ કહ્યું :

“રોમના બાદશાહના ગીધની ધમકીઓ છે જે કયારેય અમલમાં નહીં આવે અને આ કાર્ય તેના ઈખ્તિયારમાં નથી અને તેની ધમકીનો સીધો રસ્તો એ છે કે અત્યારે દરેક કારીગરોને ભેગા કરો અને તેઓને આ વાતનો હુકમ આપો કે તેઓ સિકકા બનાવવાના શરૂં કરે. સિકકાની એક તરફ સુરએ તૌહીદ લખેલી હોય અને બીજી બાજુ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)નું મુબારક નામ લખેલું હોય અને આ રીતે આપણને રોમી સિકકાની જરૂરત નહીં રહે અને આ સિકકા ત્રણ પ્રકારના હોય.

**(૧) દરેક સિકકો એક તોલા જેટલો હોય અને દસ સિકકા દસ તોલા જેવા.**

**(૨) દરેક દસ સિકકા છ તોલાની બરાબર હોય.**

**(3) દરેક દસ સિકકા વજનમાં પાંચ તોલા જેટલા હોય.**

આ રીતે ત્રીસ સિકકા વજનમાં એકવીસ તોલાની બરાબર થશે. અગર કોઈની પાસે રૂમી ત્રીસ સિકકા હોય જેનું વજન એકવીસ તોલા જેટલું થાય છે તો તે શખ્સને રૂમી ત્રીસ સિકકાના બદલામાં નવા ત્રીસ સિકકા આપવામાં આવે. એવી જ રીતે દરેક સિકકા ઉપર તે શહેરનું નામ અને કઈ સાલમાં બનેલ છે તે લખેલ હોય. ઈમામ (અ.સ.)એ આ વિષે બીજી પણ ઘણી વાતો અબ્દુલ મલિકને બતાવી.

ઈમામ (અ.સ.)ના કહેવા પ્રમાણે અબ્દુલ મલિકે દરેક કારીગરોને ભેગા કર્યા અને તેઓને ઈમામ (અ.સ.)ના હુકમની જાણ કરી. સિકકા બનાવવાના શરૂં થઇ ગયા. અબ્દુલ મલિકે આખા રાજયમાં આ હુકમ જારી કરી દીધો કે જેની પાસે રૂમી સિકકા હોય તેઓ અમારી પાસે જમા કરાવી નવા સિકકા મેળવી લે અને હવે ફકત ઇસ્લામી સિકકા જ પ્રચલિત હશે અને ગૈર ઇસ્લામી સિકકા ધીમે ધીમે ખત્મ કરી નાંખવામાં આવે અને છેવટે તમામ ગૈર ઇસ્લામી સિકકા રાજયમાંથી ખત્મ થઇ ગયા.

અબ્દુલ મલિકે રોમના કાસીદને બોલાવી પુરી વાત કહી દીધી અને કહ્યું રોમના બાદશાહને કહી દેજે કે અમે તમારા સિકકાના મોહતાજ નથી.

જયારે રોમના બાદશાહ સુધી આ વાત પહોંચી તો તેના દરબારીઓએ ખુબ જ જીદ કરી કે બાદશાહ પોતાની ધમકીઓને સાચી કરી બતાવે. રોમના બાદશાહે કહ્યું કે હું ફકત આટલું જ ઇચ્છતો હતો કે અબ્દુલ મલિકના પક્ષપાતને હવા આપું અને તેને ગુસ્સો અપાવી તેનાથી ફાયદો ઉપાડું અને હવે ધમકી ઉપર અમલ કરવામાં કોઈ ફાયદો નથી કારણ કે હવે ઇસ્લામી મુલ્કોમાં આપણે બનાવેલ સિકકા ચાલશે નહીં.

## ઈમામ (અ.સ.)ના અસ્હાબો

ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)એ બહેતરીન માણસોની પરવરિશ કરી હતી અને આપના અનુયાયીઓના મંડળનો દરેક વિદ્યાર્થી પોતાના કામમાં જાહેરી હૈસિયત ધરાવતો હતો. જયારે પણ હુકુમત તરફથી શ્વાસ લેવાનો પણ મૌકો મળ્યો તો તે સમયે આપે લોકોને ઇસ્લામની મઅરેફતથી આગાહ કરવાનું શરૂ કરી દીધું અને તે લોકો કે જેઓ ઇલ્મ હાંસિલ કરવાના આશિક હતા તેઓ ધીરે ધીરે આપની આજુબાજુ જમા થવા લાગ્યા અને આપની પાસેથી ઈલ્મના ઝરણા હતા (જેનાથી આજે દુનિયા તૃપ્ત થઇ રહી છે) ઇસ્લામી શિક્ષણને શણગારીને રજુ કર્યું જેથી આવવાવાળી નસલો સાચા ઇસ્લામની મઅરેફત મેળવી શકે અને મસઅલાઓની ચોખવટ એવી રીતે કરવામાં આવે કે લોકો હકીકતમાં સભ્યતા દાખવી શકે.

આપે એવા શાગિર્દોની પરવરિશ કરી જે પોતાનામાં પોતાની મિસાલ હતા અને તેઓમાંથી દરેકની એક વિશેષ શાન હતી. તે મહાન શાગિર્દોમાંથી ફકત અમુકનો જ ઝિક્ર કરવામાં આવે છે.

### (૧) અબાન બીન તગ્લબ :

આપને ત્રણ ઈમામ (હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.), હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની તેઓની હયાતીમાં ઝિયારતની ખુશ કિસ્મતી નસીબ થઇ છે. અમલના મૈદાનમાં અબાનની શખ્સિયતને એક ખાસ વિશેષતા હાંસિલ થએલ છે. તફસીર, ફકીહ, હદીસ, કિરઅત, લુગત અને બીજા ઇલ્મોમાં આપના પર અલ્લાહનો કરમ હતો. અને આપની ઈલ્મી શખ્સિયત એવી પ્રમાણિત હતી કે હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)એ કહ્યું :

“તમે મદીનાની મસ્જીદમાં બેસો અને લોકોને ફત્વા આપો અને લોકોને મસઅલાઓની જાણકારી આપો. મારી દિલી તમન્ના અને ખ્વાહિશ છે કે હું મારા શિયાઓમાં તમારા જેવા માણસો જોઉં.”

**(સફીનતુલ બેહાર ભાગ ૧, પેજ નં. ૭)**

અબાન જયારે મદીના આવ્યા હતા તો લોકો આપની આજુબાજુ જમા થઇ જતા હતા અને આપના માટે મિમ્બરે રસુલ (સ.અ.વ.) ખાલી કરી દેવામાં આવતું હતું. જયારે અબાનની વફાતની ખબર હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ના કાનો સુધી પહોંચી તો આપે ફરમાવ્યું. ખુદાની કસમ ! આ સમાચારે મારૂં દીલ હલાવી દીધું.

**(જામેઉલ રવાત ભાગ ૧, પેજ નં. ૧)**

**અબાને ત્રણ હજાર જેટલી રિવાયતો નકલ કરેલ છે.**

**(સફીનતુલ બેહાર ભાગ ૧, પેજ નં. ૭)**

## (૨) ઝોરારહ :

શિયાઓના આલિમોએ આપને હઝરત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ના મોઅતબર સહાબી ગણાવ્યા છે. આપની શાન અને બુઝુર્ગીનો અંદાજો હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની આ હદીસથી સારી રીતે જાણી શકાય છે. ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું :

“અગર બુરૈદ બીન મોઆવીયા, અબુ બશીર, મોહમ્મદ બીન મુસ્લિમ અને ઝોરારહ ન હોત તો પયગમ્બર (સ.અ.વ.)ના રીતરિવાજો અને શિયાઓની મઅરેફત નાશ પામી જાતે. આ લોકો ખુદાવંદે આલમના હલાલ અને હરામના અમાનતદાર છે.”

ઇસ્લામી મસઅલાઓના સંબધમાં આ લોકો ભરોસાને પાત્ર છે.

ઈમામ (અ.સ.) અવાર નવાર કહ્યા કરતા હતા કે બુરૈદ, ઝોરારહ, મોહમ્મદ બીન મુસ્લિમ પોતાની હયાતી દરમ્યાન અને પોતાની વફાત પછી પણ મારી નઝદીક ખુબ જ પ્રિય છે.

ઝોરારહ ઈમામ (અ.સ.)ને ખુબ જ ચાહતા હતા અને આ વાત ખુબ જ પ્રખ્યાત હતી અને જો કે હુકુમત આવા માણસોને સખ્ત રીતે ગોતતી હતી અને જયારે આવા માણસો મળી જતા તો તેઓને જાત જાતની તકલીફો દેવામાં આવતી હતી. એટલા માટે હઝરત ઈમામ જઅફર સાદિક (અ.સ.) ઝોરારહની જાન અને માલના રક્ષણ માટે અમુક સમયે ઝોરારહની બુરાઈ કરતા હતા જેથી દુશ્મનોને ખબર ન પડી જાય અને આપ (અ.સ.)એ છુપી રીતે ઝોરારહ સુધી આ વાત પહોંચાડી કે આ જે હું અમુક વખતે તમારા ઐબો બયાન કરૂં છું તે એટલા માટે કે આ હુકુમત તમારી યાચક ન બની જાય અને તમારી જાન, માલ, ઇઝઝત, આબરૂ સલામત રહે કારણ કે તમને આ વાત સારી રીતે જાણો છો કે આ લોકો હંમેશા આ વાતની કોશિશ કર્યા કરે છે કે અમારા દોસ્તોને તકલીફો આપે અને જો કે તમારા માટે આ વાત મશહુર થઇ ચુકી છે કે તમે અમારા દોસ્તો અને ચાહવાવાળા છો તેથી જયારે આ રીતની ખબર તમારા સુધી પહોંચે તો તમે ગભરાશો નહીં.

**(સફીનતુલ બેહાર ભાગ ૧, પેજ નં. ૫૪૭)**

ઝોરારહ કિરઅત, ફિકહ, ઈલ્મે કલામ, શેરો શાયરી અને અરબના આદાબમાં મહારત ધરાવતા હતા. આપની શાન, બુઝુર્ગી અને ઈમાનદારી આપના ચહેરા પર દેખાઈ આવતી હતી.

## (૩) કુમૈતે અસદી :

ખુબ જ મશહુર અને જાણીતા શાયર આપની ઝબાન હંમેશા અહલેબૈત (અ.મુ.સ.)ની મદહો સનામાં રહેતી હતી. આપના અશઆર હંમેશા અહલેબૈત (અ.મુ.સ.)ના ફઝાએલથી ભરપુર રહેતા હતા. આપ પોતાના અશઆર થકી અહલેબૈત (અ.મુ.સ.)નો બચાવ કરતા હતા અને દુશ્મને અહલેબૈત (અ.મુ.સ.)ને હંમેશા ઝલીલ કરતા હતા અને તેઓના છુપાએલા ભેદોને જાહેર કરતા હતા જેના લીધે દરબારમાંથી આપને અવારનવાર ડરાવવામાં આવતા હતા અને કયારેક તો મૌતની ધમકી પણ આપવામાં આવતી.

તે આપત્તિઓથી ઘેરાયેલા ઝમાનામાં કે જયાં ઝબાન અને કલમ ઉપર પાબંદી હોય ખાસ કરીને અહલેબૈત (અ.મુ.સ.)ના ફઝાએલ બયાન કરવા કેવું અઘરૂં કામ હતું. તે એવો ઝમાનો હતો કે જેમાં અહલેબૈત (અ.મુ.સ.)ના ફઝાએલ વર્ણવવા પોતાની મૌતને આમંત્રણ આપવા બરાબર હતું. આ જ કારણે તે ઝમાનામાં ઘણા બધા લોકો એવા તો હતા કે જેના દિલોમાં અહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત હતી પરંતુ તેને જાહેર નહોતા કરી શકતા અને એવા માણસો ખુબ જ ઓછા હતા જેઓએ અહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત પણ જાહેર કરી અને તેઓના ફઝાએલ પણ વર્ણવ્યા આવા લોકોમાં કુમૈતે અસદીનું નામ જોવા મળે છે. આપને દરબારમાંથી જેટલી વધારે ધમકીઓ આપવામાં આવતી આપના ઈરાદામાં અને મકકમતામાં એટલો જ વધારો થતો જતો અને આપના ઉપર જેટલી તકલીફો વધતી એટલું જ આપના દીલમાં અહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બતમાં વધારો થતો જતો અને અશઆરમાં હકનું પ્રતિબિંબ જોવા મળતું. આપે કયારેય બાતિલની મદદ નથી કરી બલ્કે હંમેશા હુકુમતના કારનામાઓ ઉપરથી પરદા ઉપાડતા રહેતા હતા અને ઉમ્મતને હુકુમતના બહાનાઓથી આગાહ કરતા હતા.

કુમૈતે એક અશઆરમાં અઈમ્મા (અ.મુ.સ.)ના વખાણ આવી રીતે કર્યા છે.

"આ તે રહેનુમા છે કે અદલો ઇન્સાફ જેનો સ્વભાવ બની ગયો છે.

આ લોકો બની ઉમય્યા જેવા નથી કે ઇન્સાન અને જાનવરમાં ફર્ક ન કરી શકતા હોય.

આ હઝરતો "અબ્દુલ મલિક, વલીદ, સુલૈમાન અને હેશામ" જેવા નથી કે મિમ્બર પર બેસીને એવી વાતો કરતા હોય જેના ઉપર પોતે કયારેય અમલ ન કરતા હોય.

આ ઉમવી બાદશાહો વાતો તો પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ના ઝમાનાની કરે છે પરંતુ ખુદ તેઓના અમલમાં જાહેલિય્યત જોવા મળે છે.

કુમૈત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ને દીલથી દોસ્ત રાખતા હતા અને તેઓને પોતાનો ખ્યાલ કયારેય ન રહેતો. જયારે કુમૈતે પોતાનો કસીદો પુરો કર્યો તો ઈમામ (અ.સ.)એ કિબ્લા તરફ થઇ ફરમાવ્યું. **"ખુદા કુમૈત ઉપર રહેમતો ઉતારે."** ત્યાર પછી કુમૈતને એક લાખ દિરહમ આપ્યા અને કહ્યું કે આ રકમ અમારા કુટુંબવાળાઓએ ભેગી કરીને તમને આપી છે.

કુમૈતે કહ્યું : ખુદાની કસમ ! હું માલો દૌલતનો ઇચ્છુક નથી અગર આપ (અ.સ.) મને પોતાનું કોઈ કપડું આપી દે તો તે મારા માટે બધાથી વધારે કિંમતી હશે ઈમામ (અ.સ.)એ પોતાનું એક કપડું કુમૈતને આપી દીધું.

એક દિવસ કુમૈત ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)ની પાસે બેઠા હતા. ઈમામ (અ.સ.) ઝમાનાની ફરિયાદ કરતા આ શેર પઢ્યા :

**“ચાલ્યા ગયા એવા માણસો કે જેના છાંયામાં લોકો પોતાનું જીવન પસાર કરતા હતા અને હવે તો બેહુદા વાતો કરવાવાળા અને હસદ કરનાર લોકો રહી ગયા.”**

આ સાંભળી કુમૈત તરત જ આ શેર પઢ્યા :

**“હાં ! આ ઝમીન ઉપર તે મહાન લોકોની એક નિશાની મૌજુદ છે અને તેઓ જ અમારા દિલની મુરાદ છે અને ત ફકત આપ (અ.સ.) મુકદ્દસ હસ્તિ છો.”**

## (૪) મોહમ્મદ બીન મુસ્લિમ :

આપને **“ફકીહે અહલેબૈત”**ના નામથી યાદ કરવામાં આવે છે અને આપ ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) અને ઈમામ જઅફર સાદિક (અ.સ.)ના સાચા ચાહવાવાળા અને સાચા મોહીબ (મોહબ્બત કરનાર) હતા. જેમ કે અગાઉ વર્ણવી ચૂકયા છીએ કે આપની ગણતરી એવા ચાર મહાન લોકોમાં થાય છે કે જેના લીધે નબુવ્વતની નિશાનીઓ સુરક્ષિત છે. આપનું જીવન ઇસ્લામી શિક્ષણનો સંપૂર્ણ નમુનો છે.

આપ કુફાના રહેવાસી હતા અને ત્યાંથી હિજરત કરીને મદીના ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.) પાસે આવ્યા જેથી ઈમામ (અ.સ.)ના ઇલ્મથી પોતાની ઈલ્મની તરસ છીપાવે. આપ ચાર વર્ષ સુધી ઈમામ (અ.સ.)ની ખિદમતમાં રહ્યા અને ઇલ્મ હાંસિલ કરતા રહ્યા.

“અબ્દુલ્લાહ બીન યઅફુરે” ઈમામ જઅફર સાદિક (અ.સ.)ની ખિદમતમાં અર્ઝ કરી : મૌલા ! અમુક વખતે એવા મસઅલાઓ બને છે કે જેનો ઉપાય હું નથી જાણતો હોતો અને એવા સમયે આપની પાસે આવવું પણ શકય નથી હોતું તો આવા સમયે હું શું કરૂં ?

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : તમે મોહમ્મદ બીન મુસ્લિમની પાસે કેમ નથી જતા અને તેમની પાસેથી પોતાના મસઅલાનો ઉપાય કેમ નથી મેળવતા.

એક રાત્રે મોહમ્મદ બીન મુસ્લિમ પાસે એક ઔરત આવી અને કહેવા લાગી : “મારી વહુ મરી ગઈ છે અને તેના પેટમાં એક બાળક છે જે જીવંત છે આવી હાલતમાં અમે શું કરીએ” ?

મોહમ્મદ બીન મુસ્લિમે કહ્યું : “આવા સમયે ઈમામ મોહમ્મદ બાકીર (અ.સ.)નો આ હુકમ છે કે ઓપરેશન કરીને તે બાળકને કાઢી લેવામાં આવે અને પછી તે ઔરતને દફન કરી દેવામાં આવે.”

ત્યારબાદ મોહમ્મદ બીન મુસ્લિમે તે ઔરતને પુછયું કે તું મારા સુધી કેવી રીતે પહોંચી ?

તે ઔરત કહેવા લાગી : “હું આ મસઅલાને લઈને અબુ હનીફા પાસે ગઈ હતી અને તેને આ મસઅલો પુછયો. તે કહેવા લાગ્યો કે આ મસઅલાની મને ખબર નથી તું મોહમ્મદ બીન મુસ્લિમની પાસે જા અને તેમની પાસેથી આ મસઅલાનો ઉપાય મેળવ અને તેઓ તને જે જવાબ આપે તે મને પણ કહેજે.

મોહમ્મદ બીન મુસ્લિમ એક દિવસ કુફાની મસ્જીદમાં બેઠા હતા ત્યારે અબુ હનીફાએ ઉપરોકત મસઅલાની વાત ઉચ્ચારી અને પોતે તેનો ઉપાય જણાવ્યો હતો એમ કહ્યું.

જયારે મોહમ્મદ બીન મુસ્લિમે આ સાંભળ્યું તો ખોંખારો ખાધો અબુ હનીફાની નઝર જેવી મોહમ્મદ બીન મુસ્લિમ ઉપર પડી કે તરત જ આખી વાત સમજી ગયો. અને મોહમ્મદ બીન મુસ્લિમને કહેવા લાગ્યો :

"ખુદા તમારા ગુનાહોને માફ કરે અને તેની રહેમત તમારી ઉપર ઉતારે" જરા અમને લોકોને પણ જીવતા રહેવા દો.

# ઈમામ (અ.સ.)ની શહાદત

૭ ઝિલ્હજ ૧૧૪ હિજરીમાં ૫૭ વર્ષની ઉંમરે આપની શહાદત થઇ. અને શહાદત પણ એટલા માટે થઇ કે ઝાલિમ ઉમવી બાદશાહ હેશામ બીન અબ્દુલ મલિકે આપ (અ.સ.)ને ઝહેર આપ્યું હતું અને એ જ ઝહેરના કારણે આપની શહાદત થઇ. અને ઇલ્મવાળાઓની દુનિયા કાયમ માટે સોગવાર થઇ ગઈ. આ ઇલ્મના સુરજને પણ ઝાલિમોએ બાકી ન રહેવા દીધા.

આપ (અ.સ.)એ પોતાની શહાદત પહેલા ઈમામ જઅફર સાદિક (અ.સ.)ને કહ્યું :

"હું આજે રાત્રે આ દુનિયાથી ચાલ્યો જઈશ કારણ કે મેં મારા મોહતરમ પિતાને સ્વપ્નમાં જોયા છે કે તેઓ મને શરબત આપી રહ્યા છે જેને હું પી રહ્યો છું. મારા પિતા મને તેમની મુલાકાતની ખુશખબરી આપી રહ્યા છે."

બીજા દિવસે આ ઈલ્મના સુરજને જન્નતુલ બકીઅમાં હઝરત ઈમામ હસન (અ.સ.) અને હઝરત ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)ની બાજુમાં દફન કરી દીધા.

**(કાફી ભાગ ૧, પેજ નં. ૪૬૯, અને ભાગ ૫, પેજ નં. ૧૧૭, બસાએરૂદ દરજાત પેજ નં. ૧૪૧)**

ઝાલિમ હુકુમતને આ મુકદ્દસ કબ્રો ઉપર છાંયો પણ મંજુર ન હતો આ મુકદ્દસ કબ્રો ઉપર આજે પણ કોઈ છાંયડો નથી. દિવસનો તડકો અને રાતની ઠંડીમાં આ મુકદ્દસ કબ્રો આજે પણ મઝલુમિયતની તસ્વીર છે.

**"અમારા લાખો સલામ થાય**
**તે ઊંચા મરતબાવાળા ઈમામની મુકદ્દસ ખિદમતમાં**
**અમારા સલામ થાય**
**તે મુકદ્દસ કબ્ર પર જે આજે પણ મઝલુમિયતની નિશાની છે."**

# ઈમામ (અ.સ.)ની હદીસો

હવે જયારે કે આપણી ચર્ચા ખત્મ થવા ઉપર છે તો મુનાસિબ છે કે એક નઝર ઈમામ (અ.સ.)ના ફરમાનો ઉપર કરી લેવામાં આવે. આજ ફરમાનો આપણા જીવનના પાયો હોવો જોઈએ અને આજ ફરમાનોના પ્રકાશમાં આપણે આપણા જીવનના રસ્તા નકકી કરીએ.

❖ **"ખોટું બોલવું ઈમાનના નબળા હોવાની નિશાની છે."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૩૩)**

❖ **"મોઅમિન ડરપોક, મજબુર અને કંજૂસ નથી હોતો."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૩૩)**

❖ **"જે દુનિયાનો લાલચી છે તેનો દાખલો રેશમના કીડા જેવો છે જેટલો વધારે તે પોતાના થુંકને વધારતો જાય છે એટલો જ વધારે તેનું તેમાંથી બહાર આવવું મુશ્કિલ થઇ જાય છે."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૩૩)**

❖ **"મોઅમિનને કયારેય મેણા ટોણા ન મારો"**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૩૩)**

❖ **"પોતાના મુસલમાન ભાઈને દોસ્ત રાખો અને જે વસ્તુ પોતાના માટે પસંદ કરો છો તે જ તેના માટે પણ પસંદ કરો અને જે વસ્તુ તમને પસંદ ન હોય તે તમારા દોસ્ત માટે પણ પસંદ ન કરો."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૩૩)**

❖ **"અગર કોઈ મુસલમાન કોઈને મળવાના ઈરાદે તેના ઘરે જાય અને તે ત્યાં હાજર હોવા છતાં મળવાની ના પાડે અને ન ઘરમાં આવવાની રજા આપે તો તે માણસ ઉપર ત્યાં સુધી લઅનત થતી રહેશે જયાં સુધી તે પેલા માણસને મળી ન લે."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૩૧)**

❖ **"ખુદાવંદે આલમ હયાદાર અને સહનશીલ માણસને દોસ્ત રાખે છે."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૪૫૫)**

❖ **"જે માણસ પોતાના ગુસ્સાથી લોકોને સુરક્ષિત રાખે તો તે માણસ કયામતમાં ખુદાવંદે આલમના અઝાબથી સુરક્ષિત રહેશે."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૪૨૯)**

❖ **"જેઓ અમ્રબીલ મઆરૂફ અને નહીઅનીલ મુન્કરને પસંદ નથી કરતા હકીકતમાં તે મુસલમાન નથી."**

**(વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૪૩)**

❖ **"અગર કોઈના ઘરમાં તેનો દુશ્મન ઘુસી જાય અને તે તેનો સામનો ન કરે તો ખુદા આવા માણસને દુશ્મન રાખે છે. (વસાએલુશ્શિયા ભાગ ૨, પેજ નં. ૨૩૩)**